# 53

**એલ.એન.જી. કાર્ગો, એફ.એસ.આર.યુ. સ્થાપવાની યોજના**

* 15/4/1584: **શ્રી વિમલભાઇ કાનાભાઈ ચુડાસમા**(સોમનાથ): ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૩/૦૩/૨૦૨૧(પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૧૩૧૧ (અગ્રતા-૧૩૩)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો)** જણાવવા કૃપા કરશે કે:-

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | લીક્વીડીફાય નેચરલ ગેસ કાર્ગો માટે એફ.એસ.આર.યુ. સ્થાપવાની યોજનાના અમલીકરણ માટે મે. સ્વાન એલ.એન.જી પ્રા. લી. નામની કંપનીને યોજનાનું બાંધકામ ૮ ડિસેમ્બર, ૨૦૨૦ સુધી પૂર્ણ કરવાનું હતું તે હકીકત સાચી છે, | (૧) | યોજનાનાં બાંધકામ માટે લંબાવવામાં આવેલ મુદ્દત તા.૩૧/૧૨/૨૦૨૩ હતી, જેને લંબાવવા માટેની વિકાસકારની અરજી વિચારાધિન છે. |
| (૨) | જો હા, તો તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ઉક્ત કામ કયા તબક્કે છે, અને | (૨) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ યોજનાની ભૌતિક પ્રગતિ ૮૩.૨૮% સુધી રહેલ છે. |
| (૩) | ઉક્ત કામ સમય-મર્યાદામાં પૂર્ણ ન થયેલ હોય તો ઉક્ત સ્થિતિએ ક્યારે શા પગલાં લીધાં? | (૩) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ વિકાસકાર તરફથી બાંધકામની મુદ્દત લંબાવવા માટેની અરજી તા.૨૨/૦૪/૨૦૨૩ ના રોજ ગુજરાત મેરીટાઇમ બોર્ડને મળેલ હતી, જે કન્સેશન એગ્રીમેન્ટની જોગવાઈને આધિન વિચારાધિન છે. |